પ્રશ્ન બેંક

# વિષય : વિજ્ઞાન

# દ્વિતીય સત્ર

( પ્રકરણ – 6 )

## સજીવો – લક્ષણો અને નિવાસ સ્થાન

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ-6

<table>
<tr><td>LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023ના આધારે)</td><td colspan="3">ક્ષમતા (Competency) વિધાન</td></tr>
<tr><td>LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી)<br>**SC601**</td><td>LO વિધાન<br>**પદાર્થ અને સજીવો જેવા કે  વાનસ્પતિક રેસા, ફૂલોને તેમના દેખાવ, રચના,કાર્ય ,સુવાસ વગેરે જેવા અવલોકનક્ષમ લક્ષણોના આધારે ઓળખે છે.**</td><td>પ્રશ્નવાર ગુણ</td><td>HOT પ્રશ્ન હોય તો તેનો ઉલ્લેખ</td></tr>
<tr><td colspan="3">**લેખિત પ્રશ્નો**</td><td></td></tr>
<tr><td colspan="3">**(A) હેતુલક્ષી પ્રશ્ન**</td><td></td></tr>
<tr><td>**a. MCQ પ્રશ્નો**</td><td>નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.<br>1. કયા જળચર પ્રાણીનું શરીર હોડી જેવા આકારનું નથી?<br>(A) ડોલ્ફિન<br>(B) વ્હેલ<br>(C) ઓક્ટોપસ<br>(D) માછલી<br>2. નીચેનામાંથી નિવાસ્થાનનો જૈવિક ઘટક કયો છે?<br>(A) તાપમાન<br>(B) વનસ્પતિ<br>(C) ખડક<br>(D) પાણી<br>3. સ્પર્શને અનુલક્ષીને "ઉત્તેજનાને પ્રતિચાર આપે છે" નુ ઉદાહરણ કયું છે?<br>(A) કમળ<br>(B) ગુલાબ<br>(C) ફાફડાથોર<br>(D) લજામણી<br>4. નીચેનામાંથી કયું પ્રાણી પર્વતીય વિસ્તારમાં જોવા મળે છે?<br>(A) યાક<br>(B) છછુંદર<br>(C) સિંહ<br>(D) હરણ</td><td>1 ગુણ</td><td></td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | 5. જો કોઈ વનસ્પતિના પાંદડા સોય જેવા અણીદાર અને ડાળીઓ ઢળતી હોય તો તે કયા વિસ્તારની વનસ્પતિ હશે?<br>(A) રણ<br>(B) દરિયાકાંઠો<br>(C) પર્વતીય<br>(D) ઘાસના મેદાન<br>6. પર્વત પર રહેતા દીપડાના શરીર પર સફેદ રૂંછાદાર વાળ શા માટે હોય છે?<br>(A) સુંદરતા માટે<br>(B) ઠંડીથી બચવા<br>(C) દોડવા માટે<br>(D) ગરમીથી બચવા<br>7. આસપાસના વાતાવરણમાં થતાં ફેરફારો પ્રત્યે<br>(A) પર્ણને સ્પર્શતા તેમનું બીડાઇ જવું<br>(B) સૂર્યાસ્તના સમયે પુષ્પનું ખીલવું<br>(C) સૂર્યાસ્ત થતાં પુષ્પનું બંધ થઇ જવું<br>(D) ઉપરના તમામ | | |
| **b. ખાલી જગ્યા પૂરો.** | નીચે આપેલ ખાલી જગ્યા પૂરો<br>1. પાણીમાં ઓગળેલા ઓક્સિજનનો ઉપયોગ કરવા માટે માછલીને ___ હોય છે.<br>2. રણની વનસ્પતિમાં પાંદડાઓનું રૂપાંતર ___ માં થયેલું હોય છે.<br>3. સજીવો દ્વારા કચરાનો ત્યાગ કરવાની પ્રક્રિયાને ____ કહે છે. | 1 ગુણ | |
| **c. જોડકા- જોડવા.** | જોડકા જોડો.<br>(1) વિસ્તાર અને ત્યાં ઉગતી વનસ્પતિના જોડકાં યોગ્ય રીતે જોડો.<br>A — B<br>1 જલીય વિસ્તાર — A ફાફડાથોર<br>2 રણ વિસ્તાર — B શંકુ આકારના વૃક્ષો<br>3 પર્વતીય વિસ્તાર — C શિંગોડા<br>D આંબો<br>(2) પ્રાણીઓ અને તેમની લાક્ષણિકતાના જોડકાં યોગ્ય રીતે જોડો.<br>A — B<br>1 માછલી — A રુંવાટી<br>2 ઊંટ — B પાતળી ત્વચા<br>3 ધ્રુવીય રીંછ — C લાંબા પગ<br>D ચૂઈ | 3 ગુણ | |

| (B) અતિ ટૂંક જવાબી પ્રશ્નો | | | |
|---|---|---|---|
| **a. એક-બે શબ્દમાં જવાબ** | મને ઓળખી કાઢો<br>1. મારુ પ્રકાંડ પર્ણ જેવું કાર્ય કરે છે અને હું રણમાં ઉગું છું.<br>2. હું પાણીમાં રહું છું અને મારે શ્વસન માટે ચૂઈ છે.<br>3. મારે લાંબા પગ છે જે મને રેતીની ગરમીથી રક્ષણ આપે છે.<br>4. હું સજીવનું એવું લક્ષણ છું જેમાં હું મારા જેવો જ નવો સજીવ ઉત્પન્ન કરું છું. | 1 ગુણ | |
| **b. ઉખાણા ... વગેરે** | બોલો બોલો હું કોણ?<br>1. હું તો રહું પાણીમાં શ્વસન કરું પાણીમાં, રક્ષણ મળે ભીંગડાથી, દિશા બદલું પૂંછડીથી, બોલો બોલો હું કોણ?<br>2. લાંબા લાંબા મારા પગ, સૂકો સૂકો મારો મળ,<br>પરસેવો મને થાય નહીં, વધુ મૂત્ર ત્યજાય નહીં, બોલો બોલો હું કોણ?<br>3. પાણીમાં રહે જમીન પર કૂદે, ટપ ટપ અવાજે રાતે બોલે,<br>પગ લાંબા ચાલે છલાંગે, મચ્છરને પણ પળમાં પકડે,<br>બોલો બોલો હું કોણ? | 1 ગુણ | |
| **(C) ટૂંકજવાબી પ્રશ્નો** | | | |
| **a. બે-ત્રણ વાક્યમાં જવાબ આપો.** | નીચેના પ્રશ્નોના જવાબ આપો.<br>1. સજીવોની લાક્ષણિકતાઓ જણાવો.<br>2. સજીવ જેવા લક્ષણ ધરાવતા બે નિર્જીવના નામ આપો અને બંનેની સજીવ જેવી એક-એક લાક્ષણિકતા જણાવો. | 3 ગુણ | HOT |

| | | | |
|---|---|---|---|
| LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023ના આધારે) | ક્ષમતા (Competency) વિધાન | | |
| LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26ની યાદી)<br>**SC 602** | LO વિધાન<br>**પદાર્થ અને સજીવો જેવા કે રેસા અને તાતણા, સોટીમૂળ અને તંતુમૂળ, વિદ્યુત સુવાહકો અને અવાહકો અને પર્ણના શિરાવિન્યાસને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે** | પ્રશ્નવાર ગુણ | HOT પ્રશ્ન હોય તો તેનો ઉલ્લેખ |
| **લેખિત પ્રશ્નો** | | | |
| **(A) હેતુલક્ષી પ્રશ્ન** | | | |
| **a. MCQ પ્રશ્નો** | પ્રશ્ન -1 નીચે આપેલા વિકલ્પમાથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો<br>1. રણની વનસ્પતિને જલીય વનસ્પતિથી તેમના મૂળના આધારે કેવી રીતે જુદા પાડી શકાય?<br>(A) રણની વનસ્પતિના મૂળ ટૂંકા હોય છે.<br>(B) જલીય વનસ્પતિના મૂળ ખૂબ ઊંડા હોય છે.<br>(C) રણની વનસ્પતિના મૂળ જમીનમાં ઊંડે સુધી જાય છે.<br>(D) બંનેના મૂળ સમાન હોય છે.<br>2. પર્વતીય વિસ્તારના વૃક્ષોને મેદાન પ્રદેશના વૃક્ષોથી તેમના આકારને આધારે કેવી રીતે જુદા પાડી શકાય?<br>(A) પર્વતીય વૃક્ષો શંકુ આકારના હોય છે.<br>(B) મેદાન પ્રદેશના વૃક્ષો સોય જેવા પાન ધરાવે છે.<br>(C) પર્વતીય વૃક્ષો ખૂબ જ પહોળા હોય છે.<br>(D) મેદાન પ્રદેશના વૃક્ષો બરફથી બચવા ઢળતી ડાળીઓ ધરાવે છે. | 1 ગુણ | HOT |
| **b. ખાલી જગ્યા પૂરો.** | ખાલી જગ્યા પૂરો.<br>1. માછલી પાણીમાં હલનચલન માટે. ............ નો ઉપયોગ કરે છે.<br>2. વનસ્પતિનો છોડ સૂર્યપ્રકાશ તરફ આગળ વધે છે. જે દર્શાવે છે કે વનસ્પતિ ............. માટે ઉત્તેજનાને પ્રતિચાર આપે છે.<br>3. પર્વતીય પ્રદેશના પ્રાણીઓના શરીર પર ઠંડીથી બચવા માટે .......... હોય છે.<br>4. રણમાં ઉગતી વનસ્પતિમાં પ્રકાશસંશ્લેષણ સામાન્ય રીતે _____ દ્વારા થાય છે. | 1 ગુણ | |

| | | | |
|---|---|---|---|
| | 5. પર્વતીય બકરીઓ પગમાં મજબૂત___ ધરાવે છે.<br>6. સિંહનો આછો ભૂખરો રંગ તે જ્યારે શિકાર માટે ફરે છે ત્યારે ____ નાં મેદાનમાં છુપાવા માટે મદદરૂપ થાય છે.<br>7. ડોલ્ફિન અને વ્હેલ જેવા દરિયાઈ જીવો ____ દ્વારા શ્વસન કરે છે.<br>8. વનસ્પતિ પોતાનો ખોરાક ___ ક્રિયા દ્વારા જાતે બનાવે છે. | | |
| **(B) અતિ ટૂંક જવાબી પ્રશ્નો** | | | |
| **a. એક વાક્યમાં જવાબ આપો.** | એક વાકયમાં જવાબ આપો.<br>1. થોર જેવી વનસ્પતિમાં પ્રકાશસંશ્લેષણ કયા અંગ દ્વારા થાય છે? | 1 ગુણ | |
| **(C) ટૂંકજવાબી પ્રશ્નો** | | | |
| **a. બે-ત્રણ વાક્યમાં જવાબ આપો.** | નીચે આપેલા તફાવતના બે મુદ્દા લખો.<br>1. રણમાં ઉગતી વનસ્પતિ અને પાણીમાં ઊગતી વનસ્પતિ<br>2. પર્વતીય પ્રદેશમાં રહેતા પ્રાણીઓ અને પાણીમાં રહેતા પ્રાણીઓ<br>3. જૈવિક ઘટકો અને અજૈવિક ઘટકો<br>4. ભૂ નિવાસસ્થાન અને જલીય નિવાસસ્થાન | 2ગુણ | |
| **b. વર્ગીકરણ કરો.** | નીચેનાને 'જૈવિક ઘટકો' અને 'અજૈવિક ઘટકો'માં વર્ગીકૃત કરો:<br>ખડકો, મશરૂમ, હવા, કીડી, સૂર્યપ્રકાશ | 5ગુણ | |

<table>
<tr><td>LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023ના આધારે)</td><td colspan="3">ક્ષમતા (Competency) વિધાન</td></tr>
<tr><td>LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી)<br>SC604</td><td>LO વિધાન<br>પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.</td><td>પ્રશ્નવાર ગુણ</td><td>HOT પ્રશ્ન હોય તો તેનો ઉલ્લેખ</td></tr>
<tr><td colspan="3">લેખિત પ્રશ્નો</td><td></td></tr>
<tr><td colspan="3">(A) હેતુલક્ષી પ્રશ્ન</td><td></td></tr>
<tr><td>a. MCQ પ્રશ્નો</td><td>આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.<br>1. કોઈ વનસ્પતિ રણ પ્રદેશની છે તે તમે કેવી રીતે નક્કી કરશો?<br>(A) પર્ણનું કાંટામાં રૂપાંતર થયું હોય છે.<br>(B) પર્ણો મોટા હોય છે.<br>(C) પર્ણો સોયાકાર હોય છે.<br>(D) પ્રકાંડ નબળા હોય છે.<br>2. વનસ્પતિ પ્રકાશ માટેની ઉત્તેજનાને પ્રતિચાર આપે છે તે નક્કી કરવા તમે શું કરશો?<br>(A) સંપૂર્ણ અંધારા ઓરડામાં છોડ મૂકીને<br>(B) છોડને મૂળ સહિત રંગીન પાણીવાળા પ્યાલામાં મૂકીને<br>(C) છોડના પર્ણ પર પારદર્શક કોથળી બાંધીને<br>(D) પ્રકાશ આવતો હોય તેવી બારીની નજીક કુંડામાં ઉગાડેલા છોડ મૂકીને<br>3. વનસ્પતિ બાષ્પોત્સર્જન કરે છે તે જાણવા માટે તમે શું કરશો ?<br>(A) છોડને પાણીમાં ડૂબાડશો<br>(B) છોડને અંધારામાં મૂકશો<br>(C) પર્ણને પારદર્શક કોથળી બાંધશો<br>(D) છોડને સૂર્યપ્રકાશમાં મૂકશો</td><td>1 ગુણ</td><td></td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | 4. નીચેનામાંથી કયા લક્ષણના આધારે પદાર્થ સજીવ છે કે નિર્જીવ તે નક્કી કરશો.<br>(A) વજન<br>(B) આકાર<br>(C) શ્વસન અને વૃદ્ધિ<br>(D) કિંમત | | |
| **(D) નિબંધ પ્રકારના પ્રશ્નો** | | | |
| **a. વિસ્તૃત પ્રશ્નો** | સવિસ્તાર જવાબ આપો.<br>1. કોઈપણ પદાર્થ સજીવ છે તે તમે કેવી રીતે નક્કી કરશો?<br>2. કોઈપણ પદાર્થ નિર્જીવ છે તે તમે કેવી રીતે નક્કી કરશો?<br>3. કોઈપણ વનસ્પતિ રણપ્રદેશમાં ઉગતી વનસ્પતિ છે કે નહીં તે તમે કેવી રીતે નક્કી કરશો?<br>4. 4. કોઈપણ વનસ્પતિ પાણીમાં ઊગતી વનસ્પતિ છે કે નહીં તે તમે કેવી રીતે નક્કી કરશો? | 3 ગુણ | |

<table>
<tr><td>LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023 ના આધારે)</td><td colspan="3">ક્ષમતા (Competency) વિધાન</td></tr>
<tr><td>LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી)<br>SC 605</td><td>LO વિધાન<br>પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.</td><td>પ્રશ્ન વાર ગુણ</td><td>HOT પ્રશ્ન હોય તો તેનો ઉલ્લેખ</td></tr>
<tr><td colspan="3">લેખિત પ્રશ્નો</td><td></td></tr>
<tr><td colspan="3">(A) હેતુલક્ષી પ્રશ્ન</td><td></td></tr>
<tr><td>a. MCQ પ્રશ્નો</td><td>યોગ્ય વિકલ્પ પસંદ કરી પ્રશ્નોના જવાબ આપો.<br>1. રણમાં ઊગતી વનસ્પતિના પર્ણો ખૂબ જ નાના અથવા કાંટા સ્વરૂપે હોય છે કારણ કે......<br>(A) તેનાથી પર્ણો વધુ ખોરાક બનાવી શકે છે.<br>(B) તેનાથી પર્ણો પાણી ઓછું ગુમાવે છે.<br>(C) તેનાથી પર્ણો વધારે ઑક્સિજન મેળવી શકે છે.<br>(D) તેનાથી પર્ણો વધારે સૂર્યપ્રકાશ મેળવે છે.<br>2. પર્વતીય વિસ્તારમાં જોવા મળતી વનસ્પતિના પાંદડા સોયાકાર હોય છે કારણ કે......<br>(A) બાષ્પોત્સર્જન ઓછુંકરે છે<br>(B) વધુ ખોરાકની જરૂર નથી<br>(C) વરસાદના પાણી તથા બરફને સરળતાથી નીચે સરકવામાં મદદ મળી શકે<br>(D) પ્રાણીઓથી રક્ષણ મળી રહે<br>3. ડોલ્ફિન શ્વાસ લેવા માટે સમયાંતરે પાણીની સપાટીની બહાર આવે છે કારણ કે....<br>(A) તેને વધુ ઑક્સિજનની જરૂર છે.<br>(B) તેને ચૂઇ અથવા ઝાલર હોતા નથી.<br>(C) તેને પાણીમાં ઓગળેલો ઑક્સિજન ઓછો પડે છે.<br>(D) તે ચામડી દ્વારા શ્વસન કરે છે.<br>4. પતંગિયું સજીવ છે કારણ કે .....<br>(A) તે ખોરાક લે છે<br>(B) તે શ્વસન કરે છે<br>(C) તે વૃદ્ધિ કરે છે<br>(D) ઉપરોક્ત તમામ</td><td>1 ગુણ</td><td></td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | 5. ઊંટના પગ લાંબા કેમ હોય છે?<br>(A) ઝડપથી દોડવા<br>(B) ઊંચા ઝાડના પાન ખાવા<br>(C) રેતીમાં સરળતાથી બેસવા<br>(D) શરીરને રેતીની ગરમીથી દૂર રાખવા<br><br>6. માછલીનું શરીર ધારારેખીય શા માટે હોય છે?<br>(A) સારા દેખાવ માટે<br>(B) ગતિ કરતી વખતે અવરોધ ઘટાડવા<br>(C) ખોરાક પકડવા<br>(D) દુશ્મનથી બચવા<br><br>7. હરણને લાંબા કાન હોય છે કારણ કે.....<br>(A) સુકાઘાસનાં મેદાનમાં છુપાવા માટે<br>(B) ખતરાની દિશા જાણી શકે<br>(C) દોડતી વખતે સંતુલનમાં મદદ મળે<br>(D) સરળતાથી ભાગી શકવામાં મદદ મળે<br><br>8. નાળિયેરી સજીવ છે કારણ કે....<br>(i) તે શ્વસન કરે છે<br>(ii) તે પ્રચલન કરે છે<br>(iii) તે વૃદ્ધિ પામે છે<br>(iv) તે ખોરાક લે છે<br>(A) (i) અને (ii)<br>(B) (i), (ii) અને (iv)<br>(C) (i), (iii) અને (iv)<br>(D) (ii), (iii) અને (iv)<br><br>9. પર્વતીય વિસ્તારના વૃક્ષો સામાન્ય રીતે શંકુ આકારના શા માટે હોય છે?<br>(A) તેને વધુ સૂર્યપ્રકાશ મળી શકે તે માટે<br>(B) તે પર્વત પર ફૂંકાતાં પવનથી બચી શકે તે માટે<br>(C) તેના પર પડતા બરફ અને પાણી નીચે સરકી જાય તે માટે<br>(D) તેના પર ઓછાં પક્ષીઓ બેસે તે માટે | | |

| | | | |
|---|---|---|---|
| | 10. સિંહનો આછો ભૂખરો રંગ તેને કઈ રીતે મદદરૂપ થાય છે?<br>(A) ગરમીથી બચવા<br>(B) શિકાર કરતી વખતે ઘાસમાં છુપાવવા<br>(C) સુંદર દેખાવા<br>(D) અન્ય પ્રાણીઓને ડરાવવા<br><br>11. રિયાએ જોયું કે સમુદ્રમાં રહેતી વ્હેલ માછલી સમયાંતરે પાણીની સપાટી પર આવે છે અને તેના માથા પરના છિદ્રમાંથી ફુવારો કરે છે. આ સજીવ વિશે કયું વિધાન સાચું છે?<br>(A) તે પાણીમાં ઓગળેલો ઑક્સિજન લે છે.<br>(B) તે શ્વસનછિદ્ર દ્વારા હવામાંથી શ્વાસ લે છે.<br>(C) તે માત્ર રમત કરવા માટે બહાર આવે છે.<br>(D) તે પાણીમાં રહેવા માટે અનુકૂલિત નથી. | | |
| **b. ખાલી જગ્યા પૂરો.** | ખાલી જગ્યા પૂરો.<br>1. રણની વનસ્પતિમાં પ્રકાશસંશ્લેષણની ક્રિયા સામાન્ય રીતે____________દ્વારા થાય છે, કારણ કે પાંદડાં કાંટામાં રૂપાંતરિત હોય છે. | 1 ગુણ | |
| **c. ખરાં-ખોટાં** | આપેલ વિધાન ખરું છે કે ખોટું તે જણાવો.<br>1. પર્વતીય વિસ્તારના વૃક્ષો શંકુ આકારના હોય છે જેથી બરફ અને વરસાદ તેની પરથી સરકી જાય.<br>2. બધા જ સજીવો ઉત્તેજના સામે પ્રતિચાર આપે છે. | 1 ગુણ | |
| **(C)ટૂંકજવાબી પ્રશ્નો** | | | |
| **b. કારણ આપો.** | વૈજ્ઞાનિક કારણ આપો<br>1. ઊંટને રણનું વહાણ કહે છે.<br>2. માછલી પાણીમાં તરી શકે છે.<br>3. પર્વતીય વિસ્તારના વૃક્ષોના પર્ણો સોયાકાર હોય છે.<br>4. જલીય વનસ્પતિના પર્ણો પહોળા હોય છે.<br>5. રણ પ્રદેશમાં ઉગતી વનસ્પતિના પર્ણોનું કાટા સ્વરૂપે રૂપાંતર થયેલ હોય છે.<br>6. ફાફડાથોરનું પ્રકાંડ લીલું અને માંસલ હોય છે.<br>7. ઊંટ રણમાં ઝડપથી દોડી શકે છે.<br>8. ઘાસના મેદાનોમાં રહેતા સજીવો માટે ઝડપ ખૂબ જ અગત્યની છે.<br>9. માછલીને પાણીની બહાર કાઢતા મૃત્યુ પામે છે.<br>10. રાત્રિ સમયે ઘટાદાર વૃક્ષ નીચે સૂવું હિતાવહ નથી. | 3 ગુણ | |

| | | | |
|---|---|---|---|
| | 11. આકાશમાં ગતિ કરતું વાદળ નિર્જીવ છે.<br>12. દેડકો જમીન અને પાણી બંને પર રહી શકે છે.<br>13. લજામણીના પર્ણોને સ્પર્શ કરતા તે બીડાઇ જાય છે.<br>14. પર્વતીય વિસ્તારના પ્રાણીઓની ચામડી જાડી અથવા રુવાંટીવાળી હોય છે. | | HOT |
| **(D) નિબંધ પ્રકારના પ્રશ્નો** | | | |
| **વિસ્તૃત પ્રશ્નો** | નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.<br>1. પર્વતીય પ્રદેશના વૃક્ષોનો આકાર શા માટે શંકુ જેવો હોય છે?<br>2. ઊંટ લાંબા સમય સુધી પાણી વગર કેવી રીતે રહી શકે છે?<br>3. રણપ્રદેશમાં ઉગતી વનસ્પતિના પર્ણોનું કાંટામાં રૂપાંતર શા માટે થયેલ હોય છે? | 3 ગુણ | |

| LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023ના આધારે) | ક્ષમતા (Competency) વિધાન | | |
|---|---|---|---|
| LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી)<br>**SC-606** | LO વિધાન<br>**પ્રક્રિયા અને ઘટનાને વર્ણવે છે/સમજાવે છે** | પ્રશ્નવાર ગુણ | HOT પ્રશ્ન હોય તો તેનો ઉલ્લેખ |
| **લેખિત પ્રશ્નો** | | | |
| **(A) હેતુલક્ષી પ્રશ્ન** | | | |
| **a. MCQ પ્રશ્નો** | નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.<br>1. નીચે પૈકી કયું અનુકૂલન પર્વતીય વિસ્તારમાં રહેતા સજીવો ધરાવે છે?<br>(A) શરીર ઉપર ભીંગડાનું આવરણ હોય છે.<br>(B) મળ સુકો હોય છે.<br>(C) ચામડી જાડી અને રુવાટી વાળી હોય છે.<br>(D) મજબૂત દાંત હોય છે.<br>2. નીચેના પૈકી કયું લક્ષણ સજીવનું નથી?<br>(A) ઉત્સર્જન કરે છે<br>(B) (B) ખોરાક લે છે<br>(C) વૃદ્ધિ પામતા નથી<br>(D) (D) શ્વસન કરે છે<br>3. નીચેનામાંથી વનસ્પતિમાં શ્વસન માટે કયું વિધાન સાચું છે?<br>(A) તેમાં શ્વસન ફક્ત દિવસ દરમિયાન થાય છે.<br>(B) તેમાં શ્વસન ફક્ત રાત્રિ દરમિયાન થાય છે.<br>(C) તેમાં શ્વસન દિવસ અને રાત્રિ બંને સમયગાળા દરમિયાન થાય છે.<br>(D) જ્યારે વનસ્પતિ પ્રકાશસંશ્લેષણ ન કરતી હોય, ફક્ત ત્યારે જ તેમાં શ્વસન થાય છે. | 1 ગુણ | |
| **b. ખાલી જગ્યા પૂરો.** | ખાલી જગ્યા પૂરો.<br>1. હિમ ચિત્તાના શરીર અને પંજા પર __________ હોય છે જે તેને ઠંડીથી બચાવે છે.<br>2. કાંટા જેવા પર્ણો રણની વનસ્પતિમાં __________ ની પ્રક્રિયા ઘટાડે છે. | 1 ગુણ | |

| | | | |
|---|---|---|---|
| **c. એક વાક્યમાં જવાબ આપો.** | એક વાક્યમાં જવાબ આપો.<br>1. થોર જેવી વનસ્પતિમાં પ્રકાશસંશ્લેષણ કયા અંગ દ્વારા થાય છે?<br>2. અનુકૂલન એટલે શું?<br>3. શું વનસ્પતિ શ્વસન કરે છે? જો હા, તો કયા વાયુનો ઉપયોગ કરે છે? | 1 ગુણ | |
| **d. ખરાં – ખોટાં** | 1. વનસ્પતિઓ માત્ર દિવસ દરમિયાન જ શ્વસન કરે છે જ્યારે પ્રકાશસંશ્લેષણ ચોવીસ કલાક કરે છે. | 1 ગુણ | |
| **(C) ટૂંકજવાબી પ્રશ્નો** | | | |
| **a. બે-ત્રણ વાક્યમાં જવાબ આપો.** | આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.<br>1. માછલીના જલીય અનુકૂલનો જણાવો.<br>2. રણમાં રહેવા માટેના ઊંટના અનુકૂલનો જણાવો.<br>3. રણમાં ઉગતી વનસ્પતિનાં અનુકૂલનો જણાવો.<br>4. પર્વતીય વિસ્તારમાં રહેતા પ્રાણીઓના અનુકૂલનો જણાવો.<br>5. જલીય વનસ્પતિના અનુકૂલનો જણાવો.<br>6. જલીય વનસ્પતિઓના પ્રકાંડ પોલા અને હલકા શા માટે હોય છે? | 1 ગુણ | |
| **(D) નિબંધ પ્રકારના પ્રશ્નો** | | | |
| **a. વિસ્તૃત પ્રશ્નો** | નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.<br>1. "વનસ્પતિ પ્રકાશને પ્રતિચાર આપે છે" તે કેવી રીતે સમજાવશો.<br>2. રણની વનસ્પતિઓ બાષ્પોત્સર્જન દ્વારા ખૂબ જ ઓછું પાણી ગુમાવે છે તે સમજાવો.<br>3. વનસ્પતિમાં શ્વસન અને પ્રકાશસંશ્લેષણની ક્રિયાઓ ક્યારે અને કેવી રીતે થાય છે તેસમજાવો.<br>4. નિવાસસ્થાન સજીવોને ફક્ત રહેવાની જગ્યા જ નહીં પણ જીવન જરૂરિયાતો પૂરી પાડે છે – આ વિધાનની ચર્ચા કરો.<br>5. રણના ઉંદર અને સાપ પાસે ઊંટ જેવા લાંબા પગ હોતા નથી, તેમ છતાં તેઓ રણની ગરમીમાં કેવી રીતે ટકી રહે છે? તેમના વર્તણૂક આધારિત અનુકૂલન સમજાવો.<br>6. જલીય વનસ્પતિના મૂળ કદમાં કેમ નાના હોય છે? તેના પ્રકાંડ અને પર્ણોની વિશિષ્ટ રચનાઓ તેને પાણીમાં કેવી રીતે ટકી રહેવામાં મદદ કરે છે?<br>7. જો પૃથ્વી પરથી અજૈવિક ઘટકો (હવા, પાણી, જમીન) નાશ પામે, તો સજીવો પર તેની શું અસર થશે? વિગતવાર ચર્ચા કરો. | 4 ગુણ | HOT<br>HOT<br>HOT<br>HOT |